ગુજરાત અનુસૂચિત જાતિ નિગમની ખાલી જગ્યાઓ તા:૨૮/૦૨/૨૦૧૮ સુધી કે નિયમિત ભરતીથી ન ભરાય ત્યાં સુધી આઉટસોર્સીંગથી ભરવા બાબત..........

વર્ગ-૩ ની કૂલ ૯ (નવ) જગ્યાઓ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અવક/૧૦૨૦૧૩/૫૫૨૫૩૮/જ
સચિવાલય, ગાંધીનગર.
તા: ૨૭/૦૬/૨૦૧૭.

વંચાણમાં લીધા:-

- ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૩૦/૧૧/૨૦૧૬ નો પત્ર ક્રમાંક:અવિકો/મકમ/૨૦૧૬/૬૭૯૩.

આમુખ:-

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ તા:૩૦/૧૧/૨૦૧૬ ની રજુઆતથી નિગમ હેઠળની ખાલી જગ્યા નિયમિત ભરતીથી ન ભરાય ત્યાં સુધી આઉટસોર્સીંગથી ભરવાની મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ:

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે નિગમને નીચે મુજબની ૯ (નવ) જગ્યાઓ ૨૮/૦૨/૨૦૧૮ સુધી કે નિયમીત ધોરણે જગ્યાઓ ભરાય ત્યા સુધી આઉટસોર્સીંગથી ભરવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | આઉટસોર્સીંગથી મંજુર જગ્યા |
|---|---|---|
| ૧ | મદદનીશ મેનેજર, વર્ગ-૩ | ૭ |
| ૨ | સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૧ |
| ૩ | જુનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૧ |
| આઉટસોર્સીંગથી મંજુર કૂલ જગ્યા | | ૯ |

૨.	આઉટસોર્સીંગથી ભરવાની થતી જગ્યાઓ અંગે સરકારશ્રી દ્વારા લાગુ કરવામાં આવેલ તમામ જોગવાઈઓ તથા નિયમોને ધ્યાને લેવાના રહેશે. ઉપરાંત ઉપર મુજબની નવ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવાની મુદ્દત નિગમ કક્ષાએથી જ લંબાવી આપવામાં આવેલ છે તે બાબતને ધ્યાને લેતા ભવિષ્યમાં સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય આઉટસોર્સથી સેવાઓ મેળવવાનો કરાર લંબાવવામાં ન આવે તે અંગેની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૨/૦૬/૨૦૧૭ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(એચ.બી.ઠાકોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.